માનવ કલ્યાણ યોજના હેઠળ કુટુંબની
વાર્ષિક આવક મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસએઆઇ-૧૦૨૦૧૮-૬૭-ખ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૦૩/૧૦/૨૦૧૮

વંચાણે લીધા:-

૧. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬-ખ, તા.૧૧/૯/૧૯૯૫
૨. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬-ખ, તા.૭/૩/૧૯૯૬
૩. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬ ભાગ-૩-ખ, તા.૧૧/૯/૧૯૯૫
૪. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬ભાગ-૩-ખ, તા.૧૮/૮/૨૦૦૬
૫. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬-ભાગ-૩-ખ, તા.૫/૭/૨૦૦૮
૬. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસએઆઇ- ૧૪૯૫-૩૩૨૬-ભાગ-૩-ખ, તા.૫/૫/૨૦૧૫
૭. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરીની સીંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ તા.૧૬/૦૧/૨૦૧૮ની દરખાસ્ત

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી નાના પ્રકારના ધંધા રોજગાર કરતા સમાજના નબળા વર્ગના લોકોને સહાયરૂપ થવા માટે તેઓના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવાની માનવ કલ્યાણ યોજના કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. ક્રમાંક (૨) થી (૬)ના ઠરાવોથી આ યોજનામાં સમયાંતરે સુધારા થયેલ છે. આર્થિક રીતે પછાત એવા ગરીબ રેખા નીચે જીવતા લાભાર્થીઓની કુટુંબની વાર્ષિક આવક નકકી કરવા બાબતે ક્રમાંક (૭) થી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે માનવ કલ્યાણ યોજનામાં લાભાર્થીની પાત્રતા માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા નીચે મુજબ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અનં | વિગત | કુટુંબની હાલની વાર્ષિક આવક | કુટુંબની વાર્ષિક આવક |
|---|---|---|---|
| ૧ | ગ્રામ્ય વિસ્તાર | રૂ. ૪૭,૦૦૦/- | રૂ. ૧,૨૦,૦૦૦/- |
| ૨ | શહેરી વિસ્તાર | રૂ. ૬૮,૦૦૦/- | રૂ. ૧,૫૦,૦૦૦/- |

૨૦ OCT ૨૦૧૮

આ સિવાયની યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ:૨૦/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એમ.ડાભી)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, બ્લોક નં -૪, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)નાણા વિભાગના અંગત સચિવશ્રી, બ્લોક નં -૪, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (કુટિર અને ગ્રામોધોગ)ના અંગત સચિવશ્રી,ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગ્રીમકો, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- સર્વે જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, (કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ મારફત)
- આઈ.ટી.શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)
- સિલેકટ ફાઇલ